દાખલ તારીખ : ૧૭–૦૬–૨૦૨૩
રજી. તારીખ : ૧૭–૦૬–૨૦૨૩
ફેંસલ તારીખ : ૦૮–૦૪–૨૦૨૬
સમય ગાળો : વર્ષ–માસ–દિવસો
- -

**પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમા, મુકામ.ધારી. જી.અમારેલી.**
**રે.દિ.મુ.નં. ૪૧/૨૦૨૩**

**આંક :–૩૪**

**વાદી : સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના મેનેજરશ્રી,**
બેન્કીંગનુ કામ કરતુ અને કોર્પોરેટ બોડી
જેની હેડ ઓફીસ અમદાવાદ મુકામે આવેલ છે.
અને અન્ય શાખાઓ પૈકી એક શાખા ધારી,
તા.ધારી મુકામે આવેલ છે.

**–:: વિરૂધ્ધ ::–**

**પ્રતિવાદી :** મૈયત ધીરૂભાઇ લવજીભાઇ જીયાણીના વારસો,
૧) અશોકભાઇ ધીરૂભાઇ જીયાણી, ઉ.વ.૪૪,
૨) સંજયભાઇ ધીરુભાઇ જીયાણી, ઉ.વ.૪૨,
રહે. ૪૧/૪૨, સતાધાર કૃપા સોસાયટી, એપાર્ટમેન્ટ જલકાન્તી મેદાની સામે, એ.કે.રોડ, સુરત.
૩) હર્ષાબેન રાજેશભાઇ ગજેરા ડો/ઓ ધીરૂભાઇ જીયાણી, ઉ.વ.૪૦,
રહે. સુવર્ણમ એપાર્ટમેન્ટ એચ ૧૦૦૧, સુરત રામમઢી રોડ, આસારામ, આશ્રમ રોડ, જહાંગીરપુર, સુરત.
૪) સંગીતાબેન બાબુભાઇ દુધાત ડો/ઓ ધીરુભાઇ જીયાણી,
રહે. ૪૧/૪૨, સતાધાર કૃપા સોસાયટી, એપાર્ટમેન્ટ જલકાન્તી મેદાની સામે, એ.કે.રોડ, સુરત.

**દાવો** : રૂ.૧૦,૭૭,૯૬૩/– પુરાના આંકથી વસુલ મળવા બાબત....

---

**વાદી પક્ષે વિ.વ.શ્રી** : ડી.બી.ઢોલરીયા.
**પ્રતિવાદી પક્ષે** : એક તરફી.

---

(૧) વાદીનાં દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદી બેંક– બેંકીગનુ કામકાજ કરતુ એક કોર્પોરેટ બોડી છે અને વાદીની હેડ ઓફીસ અમદાવાદ મુકામે આવેલ છે, અને અન્ય સ્થળોએ શાખાઓ આવેલ છે. તે પૈકી એક શાખા મોજે **ધારી**, તા.ધારી, જી.અમરેલી ગામે આવેલ છે. જેના મેનેજરની હેસીયતથી વાદીને મેનેજર તરીકે મળેલા અધિકારોથી હાલનો દાવો લાવેલ છે. વાદી મુખ્યત્વે બેંકીંગ અને ધિરાણનુ કામકાજ કરે છે અને અન્ય ધિરાણો ઉપરાંત ખેતીવાડીના ધંધા માટે તથા વાહન ખરીદવા માટેના પોતાના ધંધાના હેતુ માટે કેશ ક્રેડીટ લોન મીડિયમ ટર્મ લોન, પર્સનલ લોન વિગેરે પ્રકારનુ ધિરાણ પણ આપે છે. વાદી બેંકની એક શાખા **ધારી**, તા.ધારી મુકામે આવેલ છે જેને હવે પછી બેંક તરીકે સંબોધવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી છે. જેની નોંધ લેવા વિનંતી છે. આ કામના મુળ પ્રતિવાદી ધીરુભાઇ લવજીભાઈ જીયાણી હાલ અવસાન પામેલ હોય આથી તેઓના કાયદેસરના વારસો જે મૈયતનુ દેવુ ભરવા જવાબદાર ઠરતા હોય તેઓ વિરૂધ્ધ દાવો દાખલ કરવાની ફરજ પડેલ હોય,આ મુળ પ્રતિવાદી એ વાદી બેંક પાસેથી ધિરાણ લેનાર વ્યકિત છે. જેથી આ કામના પ્રતિવાદીઓએ દેવુ ભરવુ તે તેઓની કાયદેસરની ફરજ અને જવાબદારી છે. આ કામના મુળ પ્રતિવાદીને તેમના ખેતીના ધંધાના હેતુ માટે, ટ્રેકટર ખરીદવા નાણાંની જરૂરીયાત હોવાથી વાદી બેંક પાસે લોન **તા.૨૭/૧૦/૨૦૧૬** ના રોજ અરજી કરી **રૂ.૭,૨૫,૦૦૦/–**ની લોનની માંગણી કરેલ હતી. આ કામના મુળ પ્રતિવાદીને ઉપર

જણાવ્યા મુજબ નાણાંની જરૂરીયાત હોવાથી તેમણે વાદી બેંકમાંથી નીચેની વિગતે લોન પેટે નાણા મેળવેલ છે. **રૂા.૭,૨૫,૦૦૦/–** અંકે સાત લાખ પચ્ચીસ હજાર પુરા તેમના અમો વાદી બેન્ક ધ્રારા લોન મંજુર કરેલ છે. તેમજ સદરહું લોનનો વ્યાજ દર **૧૧.૫૫%** છે.

આમ વાદી બેંક દ્વારા આ કામના મુળ પ્રતિવાદીને કુલ **રૂા.૭,૨૫,૦૦૦/–** અંકે સાત લાખ પચ્ચીસ હજાર પુરાની લોન ૧૧.૫૫% ના દરે પ્રતિવાદીને વાદી બેંક દ્વારા આપવામાં આવેલ છે. અને જે રકમ મુળ પ્રતિવાદીએ નિયત સમયમર્યાદામાં પરત ચૂકવવાની હતી જે ન ચૂકવતા લોન ખાતાના લેઝર બુકના ખાતામા જણાવ્યા પ્રમાણે પ્રતિવાદીઓ પાસેથી વાદી બેન્કે ચડત વ્યાજ સહના હપ્તા સહીત કુલ રૂા.૧૦,૭૭,૯૬૩/– (અંકે દસ લાખ સત્યોતેર હજાર નવસો ત્રેસઠ રૂપીયા પુરા) આ કામના પ્રતિવાદીઓ પાસે બાકી હોય જેના પર નિયમાનુસાર વ્યાજ ચાલુ છે. આ કામના મુળ પ્રતિવાદીએ વાદી બેંકની તરફેણમાં લોન એપ્લિકેશન ફોર્મ, લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ, હાઈપોથિકેશન એગ્રીમેન્ટ વિગેરે ડોકયુમેન્ટ મુળ પ્રતિવાદીએ વાદી બેંકની તરફેણમાં લોન મેળવવા માટે રજુ કરી જરૂરી પ્રોસીઝર વાદીની બેંકની તરફેણથી કરી આપેલ અને જરૂરી દસ્તાવેજમાં સહી તથા અંગૂઠાનુ નિશાન કરી આપેલ. આમ આ કામના મુળ પ્રતિવાદીને રૂા.૭,૨૫,૦૦૦/– અંકે સાત લાખ પચ્ચીસ હજાર પુરાની લોન ઉપરોકત વિગતે વાદી બેંક તરફથી આપવામાં આવેલ અને સદરહું લોન ઉપર બેંક નિયમાનુસારના વ્યાજના દરે તથા વખતો વખત બેંક ઠરાવે તે દરે વ્યાજ આપવાનુ નકકી થયેલુ. તેમજ સદરહું લોન આ કામના મુળ પ્રતિવાદીએ નિયત કરેલ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હતી. અને તે વિગતે અંગેનો કરાર તથા દસ્તાવેજો ઉપર આ કામના મુળ પ્રતિવાદીએ તેમની સંમતિ બદલ બેંકની તરફેણમાં સહી તથા અંગૂઠાનુ નિશાન કરી આપેલ છે. તેમજ આ કામના મુળ

પ્રતિવાદીએ બોરોઅર તરીકે લોન એપ્લિકેશન ફોર્મ તથા ઉપરની વિગતેના જરૂરી દસ્તાવેજોમાં સહી કરી આપેલ છે. ઉપરોકત લોન પેટે ઉપાડેલ રકમ પૈકી બાકી રહેતી રકમ વસૂલ આપવાની જવાબદારી આ કામના પ્રતિવાદીની છે.

આ કામના મુળ પ્રતિવાદીએ ઉપરોકત લોન મેળવવા માટે તેમની માલિકીની જમીન તારણમાં મૂકી વાદી બેંકનો ચાર્જ ઉભો કરેલ તે જમીનનું વર્ણન નીચે મુજબ છે.

આ કામના મુળ પ્રતિવાદીએ તેમની માલીકીની જમીન કે જે અમરેલી જિલ્લાના ધારી તાલુકાના મોટી ગરમલી ગામના સર્વે નં. ૮૪ પૈકી ૪ જેના હે.આરે.ચો.મી. ૦–૫૮–૪૦ તથા સર્વે નં. ૮૫ પૈકી ૫ જેના હે.આરે.ચો.મી. ૦–૫૭–૨૪ ની તથા સર્વે નં. ૨૪/૧ પૈકી ૩ જેના હે.આરે.ચો.મી. ૦–૮૬–૦૦ ની તથા સ.નં. ૨૪/૨ ની હે.આરે.ચો.મી. ૦–૦૨–૦૨ ની જમીન તારણમાં મુકી વાદી બેંકનો ચાર્જ ઉભો કરેલ છે. આ ખેતીની જમીન પર લોન મેળવવા માટે આ કામના પ્રતિવાદીએ વાદી બેંકની તરફેણમાં હકકપત્રક બોજા નોંધ થી કરાવી આપતા બેંક ઓફ ઇન્ડીયાના ધારી શાખાના બોજાની નોંધ સક્ષમ અધિકારી તરફથી હકકપત્રકે દાખલ કરી આપવામાં આવેલી. આ કામના પ્રતિવાદીઓની ખેતીની જમીન પર નિયમાનુસાર વાદી બેંકનો બોજો નોંધવામાં આવેલ છે. હાલના પ્રતિવાદીઓનું સદરહું લોન ખાતુ તેઓએ નિયમિત રકમ ભરેલ ન હોય, આથી વાદી બેંકની લ્હેણી રકમ ચૂકવી આપવા માટે પ્રતિવાદીને અવાર નવાર વાદી બેંક તરફથી જાણ કરવામાં આવેલી છે. આમ પ્રતિવાદીઓએ સદરહું લોન ખાતાની બાકી રકમ જમા નહી કરતા હાલનો આ દાવો સમય મર્યાદામાં દાખલ કરેલ છે.

ઉપરોકત વિગતે આ કામના મુળ પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી લોન લીધા બાદ નિયમિત હપ્તા ભરેલ ન હોય, તેમજ ઈરાદા પુર્વક ઉપરોકત રકમ આ

કામના પ્રતિવાદીઓ ભરતા ન હોય આ કામના વિલકુલ ડિફોલ્ટર હોય, તે અંગે બેંક તરફથી રૂબરૂ તથા લેખિતમાં તાકીદ પણ કરવામાં આવેલ હોય, તેમ છતા ત્યારબાદ પણ ઉપરોકત રકમ પેટે કોઈપણ રકમની ચુકવણી આ કામના પ્રતિવાદીઓ તરફથી નહી તથા આજની તારીખે બાકી રહેતી તમામ રકમ વસુલ મેળવવા હાલનો દાવો કરી આપ નામ.કોર્ટ સમક્ષ ગુજારેલ છે.

હાલના કામે પ્રતિવાદીઓ પાસે **તા.૧૬/૦૨/૨૦૨૩** ના સ્ટેટમેન્ટ મુજબ નીચેની વિગતે કુલ બાકી રકમ નીકળે છે.

રૂા.૧૦,૭૭,૯૬૩/– બેંક તરફથી આ કામના પ્રતિવાદીઓને વાદીની કુલ લ્હેણી રકમ **રૂા.૧૦,૭૭,૯૬૩/– અંકે દસ લાખ સત્યોતેર હજાર નવસો ત્રેસઠ રૂપીયા પુરા** બાકી નીકળે છે. તેમજ દાવો દાખલ થયા તારીખથી તેના ઉપર ચડત હપ્તા તથા  વ્યાજ ચાલુ છે. તેમજ આ કામના પ્રતિવાદીઓને નોટીસ મોકલવા છતા તેઓએ લોનની વ્યાજસહ ચડત થયેલ રકમ ભરેલ ન હોય જેથી દાવાનુ કારણ સતત ચાલુમાં જ છે. આમ વાદી બેંક તરફથી ઉપરોકત જાણ કરવા છતા આ કામના પ્રતિવાદીઓએ સદરહું રકમ ભરપાઈ કરવામાં ઘોર ઉપેક્ષા દાખવેલ છે. જેથી હાલ ઉપરોકત રકમ વસુલ મેળવવા માટે વાદી બેંક તરફથી હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે.

આ કામના પ્રતિવાદીઓને નોટીસ પણ આપવામાં આવેલી છે. તેમ છતાં ઘણો સમય વિગતા છતા આ કામના પ્રતિવાદીઓએ ઉપરોકત રકમ ભરપાઈ કરવાની કોઈ દરકાર ન લેતા હાલનો દાવો વાદી બેંકને ના છુટકે દાખલ કરવાની ફરજ પડેલ છે. વિગેરે હકીકતો જણાવી દાદ માંગેલ છે કે,

**૧..** વાદી બેંકના આ કામના પ્રતિવાદીઓ પાસેથી **રૂા.૧૦,૭૭,૯૬૩/– અંકે દસ લાખ સત્યોતેર હજાર નવસો ત્રેસઠ રૂપીયા પુરા** તથા તેના પર દાવો દાખલ

કર્યા તારીખથી ચડત હપ્તા અને તેના ઉપર ચડત વ્યાજસહની રકમ સાથે વસૂલ આપ઼ે તેવો હુકમ ફરમાવવા મહે થશો. તેમજ આ દાવો ચાલતા સમય દરમ્યાન આ સમયગાળા ઉપર વખતો વખતના નિયમાનુસાર વ્યાજ અપ઼ાવવા મહે થશો અને ઉપરોકત રકમ આ કામના પ્રતિવાદીઓ ચૂકવવા જવાબદાર છે તેવુ ઠરાવી આપ઼ો તેમજ તે પ્રકારનું વિજ્ઞાપન વાદી બેંકના લાભમાં કરી આપ઼ી આ કામના પ્રતિવાદીઓની જાત–વ–હરેક મિલકતમાંથી વસૂલ અપ઼ાવવા હુકમ કરવા મહે થશો.

૨.. કામના અંતે નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી હરકોઈ દાદ વાદીને અપ઼ાવો.

૩.. આ કામનુ સઘળુ ખર્ચ આ કામના પ્રતિવાદીઓ પ઼ાસેથી અપ઼ાવવા હુકમ કરવા મહે થશો.

(૨) રેકર્ડ ધ્યાને લેતા સદર દાવો દાખલ થતા આ કામના પ્રતિવાદીઓને સમન્સ કાઢવામાં આવેલ. જે સમન્સ પ્રતિવાદીઓને યોગ્ય રીતે બજી ગયેલ હોય ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓ કે તેઓ તર્ફે કોઈ હાજર થયેલ ન હોય કે કોઈ મુદત અરજી પણ રજુ કરવામાં આવેલ ન હોય તેથી આંક–૧ નીચે પ્રતિવાદીઓ સામે સદર કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) ઉપરોકત કેસના આધારે દાવાના નિર્ણયાર્થે **આંક–૦૯** થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

***: ISSUE :***

1. *Whether the plaintiff Bank proves that they are entitled to recover Rupees claimed in plaint from person and property of the defendant ?*
2. *Whether the plaintiff Bank is entitled to get interest ? If Yes, at what rate?*

*3. what order and decree ?*

ઉપરોકત મુદાઓના આ કોર્ટના નિર્ણય નીચે મુજબ છે.

**૧.** “હકારમાં. ”

**૨.** “અંશતઃ હકારમા. ”(૮ ટકા લેખે)

**૩.** “આખરી હુકમ મુજબ. ”

(૪) વાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

**મૌખીક પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી અક્ષર પવનકુમાર શર્માનું સોગંદનામું. | ૧૧ |

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સ.નં. ૮૪ પૈકી ૪ ના ગામ નમુના નં.૮–અ, ૭ અને ૧૨ | ૨૧ |
| ૨ | સ.નં.૮૫ પૈકી ૫ ના ગામ નમુના નં.૮–અ, ૭ અને ૧૨ | ૨૨ |
| ૩ | સ.નં. ૨૪/૧ પૈકી ૩ ના ગામ નમુના નં.૮–અ, ૭ અને ૧૨ | ૨૩ |
| ૪ | ગરમલી મોટી ગામ નમુના નં. ૬ નોંધ નંબર ૧૧૧૬ ની | ૨૪ |

| | | |
|---|---|---|
| | નકલ | |
| ૫ | હાઈપ◌ોથીકેશન એગ્રીમેન્ટની ખરી નકલ. | ૨૫ |
| ૬ | લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ | ૨૬ |
| ૭ | કલોઝર રીપોર્ટની નકલ | ૨૭ |
| ૮ | પ્રતિવાદી દ્વારા ટ્રેકટરની લોન માંગણીની અરજીની નકલ | ૨૮ |
| ૯ | ટ્રેકટરના કવોટેશનની બીલની ખરી નકલ | ૨૯ |
| ૧૦ | ટ્રેકટરના ખરીદી અંગેની બીલની ખરી નકલ | ૩૦ |
| ૧૧ | નોટીસની નકલ | ૩૧ |
| ૧૨ | નોટીસ મોકલ્યાની પ◌ાવતી/ એકનોલેજમેન્ટ | ૩૨ |

આ કામે વાદી તર્ફે વધુ કોઈ પ◌ુરાવો રજુ કરવા માંગતા ન હોય **આંક– 33** થી કલોઝીંગ પ◌ુરસીસ રજુ રાખેલ છે.

**(૫)** વાદીનો પ◌ુરાવો પ◌ુરો થયા બાદ પ્રતિવાદીઓ તરફે કોઈ હાજર ન હોય વાદી તરફે વિ.વ.શ્રીની વિગતવારની દલીલ સાંભળવામાં આવી. વાદી વિ.વ.શ્રીએ તેઓની દાવા અરજી મુજબની દલીલો કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે વાદી તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પ◌ુરાવાઓથી વાદીએ દાવાની હકિકતો સાબિત કરેલ છે. પ્રતિવાદીને દાવો દાખલ કરતા પહેલા વાદી તરફથી પ્રતિવાદી પ◌ાસેથી લોનની રકમ વ્યાજસહ વસુલ મેળવવા અવાર નવાર મૌખિક તથા લેખીત માંગણી કરવામાં આવેલ હોવા છતા પ્રતિવાદીઓએ રકમ વસુલ આપ◌ેલ નથી. હાલના દાવાના કામે પણ પ્રતિવાદીઓને સમન્સની બજવણી થયેલ છે તેમ છતા હાજર રહેલ નથી કે વાદીના દાવાને પડકારેલ નથી. આમ, પ્રતિવાદીઓની વર્તણુંકથી પણ વાદીના દાવાની હકિકતો

માનવાને કારણ રહે છે. આમ, આ સમગ્ર હકિકતો ધ્યાને લેતા વાદી બેન્ક તરફથી દાવામાં માંગવામાં આવેલ દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

**-: નિર્ણય માટેનાં કારણો : -**

મુદ્દા નં.૧ થી ૨ ની સંયુકત ચર્ચા :-

(૬) ઉપરોકત તમામ મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય બિનજરૂરી પુનરાવર્તન ટાળવા સારૂ તમામ મુદ્દાઓની એકસાથે ચર્ચા કરવામાં આવેલ છે.

આ કામે વાદી તર્ફે આંક-૧૧ થી મેનેજર, બેન્ક ઓફ ઇન્ડીયા, ધારી- શાખા, શ્રી પવનકુમાર શર્માનુ જુબાની સ્વરૂપે સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે જેમાં આંક-૧ ની દાવા અરજની હકિકતોને સમર્થન આપતી હકિકતો જણાવી પુરાવાના સોગંદનામામાં આંક-૨૧ થી આંક-૩૨ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે અને તેના આધારે આંક-૧ ની દાવા અરજીને સંપૂર્ણ સમર્થન મળેલ છે. વળી, પ્રતિવાદીઓને વાદીના કેસને પડકારવાની તક મળેલ હોય તેમ છતા જયારે આ કામના પ્રતિવાદીઓ પોતાનો બચાવ કરવા કે વાદીના કેસને પડકારવા અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ જ ન હોય ત્યારે, વાદીનો પુરાવો ન માનવા કોઈ કારણ રહેતુ નથી.

આમ, વાદીની દાવા અરજી, વાદીનુ સરતપાસનુ સોગંદનામુ તથા આંક-૨૧ થી આંક-૩૨ સુધીના દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા, સદર દાવા અરજી બેન્કના અધિકૃત અધિકારી દવારા વેરીફાય કરી સમયમર્યાદામાં દાખલ કરેલ છે, વાદીએ મુળ પ્રતિવાદીને લોન આપેલ છે અને તે લોન ખાતા ની **રૂા.૧૦,૭૭,૯૬૩/- અંકે દસ લાખ સત્યોતેર હજાર નવસો ત્રેસઠ રૂપીયા પુરા**ની રકમ લ્હેણી નીકળે છે તેમ સાબીત થાય છે. તેમજ મુળ પ્રતિવાદીનો વાદી બેંક સાથેનો

નાણાકીય વ્યવહાર તદ્દન અસંતોષકારક રહેલ છે. આ કામના પ્રતિવાદીઓ વાદી બેંકની રકમ નિયમીત વસુલ આપતા નથી. આ કામના પ્રતિવાદીઓને તેમનું લોન ખાતુ નિયમીત કરી જવા માટે અનેક વાર કહેવરાવ્યુ, પત્રો લખ્યા, બેંક મારફત નોટીસ આપ઼ી છતા આ કામના પ્રતિવાદીઓએ નોટીસનો કોઈ અમલ કરેલ નથી કે વાદી બેંકની બાકી લ્હેણી રકમ વસુલ આપ઼ેલ નથી. જેથી વાદી બેન્ક આ કામના પ્રતિવાદીઓ પ઼ાસેથી **રૂા.૧૦,૭૭,૯૬૩/– અંકે દસ લાખ સત્યોતેર હજાર નવસો ત્રેસઠ રૂપ઼ીયા પ઼ુરા** લેણી રકમ વસુલ મેળવવા હકકદાર હોવાનુ સાબીત થાય છે.

(૭) વાદી બેન્કની, આ કામના પ્રતિવાદીઓ પ઼ાસેથી લેણી નિકળતી રકમ પ્રતિવાદીઓ દ્વારા સમયસર ન ચુકવવાના કારણે વાદી બેન્ક સદર રકમ પ઼ોતાના વહીવટી ઉપયોગમાં લઈ શકેલ નથી અને તેથી વાદી બેન્કને વ્યાજનુ નુકશાન થયેલ છે, તેથી આ કામના પ્રતિવાદીઓ પ઼ાસેથી વાદી બેન્ક પ઼ોતાની લેણી નિકળતી રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર હોવાનુ જણાઈ આવે છે, કારણ કે વાદી બેન્ક રાષ્ટ્રીયકૃત બેન્ક છે અને બેન્કનુ કામ થાપણ અને ધીરાણનુ હોય છે અને જો વાદી બેન્કને આ કામના પ્રતિવાદીઓ વ્યાજ ન ચુકવે તો તેને અનુચીત નુકશાન જાય. પરંતુ વાદી બેન્ક દ્વારા તેની દાવા અરજી આંક–૧ માં ૧૧.૫૫% વ્યાજની માંગણી કરેલ છે, જે વાદી બેન્ક મેળવવા હકકદાર નહી હોવાનુ આ અદાલત માને છે અને ઠરાવે છે.

હવે આ કામના પ્રતિવાદીઓ પ઼ાસે કેટલુ લેણુ બાકી નીકળે છે તે હકીકત ઉપરોકત ચર્ચા કર્યા મુજબ સમાવિષ્ટ થયેલ હોય તેની પ઼ુનઃચર્ચા ન કરતા દાવા રકમ તેમજ તેના પર ૮% (આઠ ટકા) લેખે દાવો દાખલ કર્યા તારીખથી જે વ્યાજની રકમ થાય તે વાદીને ચુકવવા, આ કામના પ્રતિવાદીઓ જવાબદાર હોવાનુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ છે. અને મુદ્દા નં.૧ અને ૨ ના ઉપર મુજબના નિર્ણયો કારણો સહીત આપ઼ીને મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે, અને આ કામના પ્રતિવાદીઓએ વાદીને દાવાવાળી રકમ **રૂ.૧૦,૭૭,૯૬૩/- અંકે દસ લાખ સત્યોતેર હજાર નવસો ત્રેસઠ રૂપીયા પુરા** વાદી બેન્કને વસુલ આપવા.

(૨) પ્રતિવાદીઓએ દાવા તારીખથી વાદી બેન્કની નિકળતી રકમ પુરેપરી વસુલ થતા સુધી ૮%(આઠ ટકા) ટકાના સાદા વ્યાજ દર સેંકડે વાદી બેન્કને ચુકવવુ.

(૩) વાદી બેન્કને થયેલ દાવાનુ ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવું.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ: ૦૮મી, માહે: એપ્રિલ સને: ૨૦૨૬ નાં રોજ ખુલ્લા ન્યાયાલયમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૪/૨૦૨૬.

સ્થળ: ધારી

(એમ.એમ.સૈયદ)

પ્રિન્સીપાલ સિની.સિવીલ જજ

ધારી કોડ નંબર જી.જે.૦૧૧૦૩